
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હલ્લો પોલીસ અંકલ, હમણાં મેં ડેડીને મારુ રીઝલ્ટ બતાવ્યું, હવે મને લાગે છે કે તે સોશિયલ ડિસ્ટસવાળા તમારા કાયદાને તોડી નાખશે... તમે જલદી આવી જાવ...

# જિલ્લાના રેશનકાર્ડ ધારકો ૧૫મીથી વિના મૂલ્યે ફૂડ બાસ્કેટનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ૧,૫૭,૮૪૫ રેશનકાર્ડ ધારકોની ૭,૫૩,૩૨૬ વ્યક્તિઓને NON NFSA BPL,રેશનકાર્ડ ધારકો તથા NFSA રેશનકાર્ડ ધારકોને વિના મૂલ્યે ફૂડ બાસ્કેટનું વિતરણ કરવામાં આવશે. સરકાર દ્વારા કરવામાં આવેલા નિર્ણય અનુસાર જૂન- ૨૦૨૦ માસમાં NON NFSAAPL-1 રેશનકાર્ડ ધારકોને અનાજ આપવામાં આવશે નહી, તેવું જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જૂન- ૨૦૨૦ માટે રાજયના ' રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા' (NSFA) હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને વિના મૂલ્યે ફૂડ બાસ્કેટનો લાભ આપવામાં આવનાર છે. જેમાં એ.એ.વાય ( AAY) કુટુંબોને ઘંઉ કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા, ચોખા કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા, ખાંડ ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા., તથા ૩ કરતાં વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા., આપવામાં આવશે. અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) ઘંઉ વ્યક્તિ દીઠ ૩.૫૦૦ કિ.ગ્રા, ચોખા વ્યક્તિ દીઠ ૧.૫૦૦ કિ.ગ્રા આપવામાં આવશે. બીપીએલ (BPL) કુટુંબોને ખાંડ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. આપવામાં આવશે. તમામ એ.એ.વાય. ( છછરૂ) અને બીપીએલ કુટુંબોને આયોડાઈઝ મીઠું ૬ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧.૦૦૦ અને ૬ થી વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૨.૦૦ કિ.ગ્રા. તથા અગ્રતા ધરાવતા કુટુંબો (NON NFSA APL-1 તથા NON NFSAAPL-2) ને ખાંડ કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા., અને આયોડાઈઝ મીઠું કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા., આપવામાં આવશે. NON NFSA BPL ઘંઉ વ્યક્તિ દીઠ ૩.૫૦૦ કિ.ગ્રા. અને ચોખા વ્યકિત દીઠ ૧.૫૦૦ કિ.ગ્રા. આપવામાં આવશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત એ.એ.વાય (AAY) કુટુંબો,ને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) અને NON NFSA BPL કુટુંબોને ઘંઉ વ્યક્તિ દીઠ ૩.૫૦૦ કિ.ગ્રા, ચોખા વ્યક્તિ દીઠ ૧.૫૦૦ કિ.ગ્રા. અને ચણાદાળ/ચણા વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. આપવામાં આવશે.

વધુમાં પુરવઠા અધિકારીએ જણાવ્યું છે કે, કોરોના વાયરસની વ્યાપક અસરને ધ્યાને રાખીને NSFA તથા NON NSFA BPL કાર્ડ ધારકોને જૂન- ૨૦૨૦નું નિયમિત વિતરણ તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિતરણ એમ બન્ને પ્રકારના વિતરણ એક સાથે વિના મૂલ્યે કરવામાં આવનાર છે. રેશનકાર્ડ ધારકોને જથ્થાનું વિતરણ તા. ૧૫મી જૂન, ૨૦૨૦ થી શરૂ કરવામાં આવશે. જેમાં NFSA તથા NON NFSA BPL રેશનકાર્ડ નંબરના અંતિક આંક ૧ છે તેમને ૧૫મી જૂન, અંતિમ આંક- ૨ છે તેમને ૧૬મી જૂન, અંતિમ આંક- ૩ છે તેમને ૧૭મી જૂન, અંતિમ આંક-૪ છે તેમને ૧૮મી જૂન, અંતિમ આંક-૫ છે તેમને ૧૯મી જૂન, અંતિમ આંક- ૬ છે તેમને તા. ૨૦મી જૂન, અંતિમ આંક-૭ છે તેમને ૨૧મી જૂન, અંતિમ આંક- ૮ છે તેમને ૨૨મી જૂન, અંતિમ આંક-૯ છે તેમને ૨૩મી જૂન અને અંતિમ આંક-૦ છે ૨૪મી જૂનના રોજ વિતરણ કરવામાં આવશે. નિયત થયેલ તારીખે જથ્થો ન મેળવી શક્યા હોય તેમને ૨૫મી જૂન, ૨૦ના રોજ મેળવી લેવાનો રહેશે.

## ખૂણેખાંચરેથી

- અનલોક-૧ અમલી બન્યાના થોડા જ દિવસોમાં આજે વધુ એકવાર સ્થાયી સમિતિની બેઠક મળી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૮૫૦૦ કિલો જેટલા બાયો મેડિકલ વેસ્ટનું એકત્રીકરણ કરી નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં વરસાદ પછી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે પણ બફારો વધતાં લોકો ત્રાસી ગયા છે.
- જિલ્લામાં મેલેરિયા વિરોધી માસની ઉજવણીના વિવિધ આયોજનો થઈ રહ્યા છે. જો કે છુટાછવાયા કેસો નીકળવાના શરૂ થયા હોવાની વાતો પણ છે.
- ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા ચોમાસાને લઈ કંટ્રોલરૂમ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.
- આગામી ૧૩ અને ૧૪ના રોજ પણ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવનાઓ રહેલી છે તેવી આગાહી કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાનમાં કરવામાં આવી છે.

# જિલ્લામાં એસ.ઓ.એસ. દ્વારા એક હજારથી વધુ સીનીયર સિટીઝન્સને મેડિકલ સેવા પુરી પડાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં માનવીય અભિગમ સાથે કાર્યરત કરવામાં આવેલી એસ.ઓ.એસ. સેવા થકી લોક ડાઉનના સમય દરમ્યાન એક હજાર કરતાં વધુ સિનીયર સિટિઝન્સને બટન દબાવવાની સાથે જ પોલીસ, મેડિકલ અને ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના તત્કાલિન કલેકટર શ્રી એસ.કે.લાંગાના માર્ગદર્શન હેઠળ અને સોમચંદ ડોસાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ગાંધીનગર જિલ્લાના ૩૦૪ ગામોમાં એસ.ઓ.એસની સેવા શરૂ કરવામાં આવી હતી. આ સેવા થકી જિલ્લાના સીનિયર સિટીઝન્સ અને જરૂરિયાતમંદ લોકો ઘરે બેસીને મોબાઈલની એક સ્વીચ દબાવીને મેડિકલ, પોલીસ અને એમ્બ્યુલન્સ સેવા મેળવી શકે છે. આ પ્રકારની સેવા સમગ્ર જિલ્લામાં અપાતી હોય તેમાં ગાંધીનગર અગ્રેસર છે.

સોમચંદ ડોસાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને સિનિયર સાયન્ટિસ્ટ શ્રી રાગેશ શાહે જણાવ્યું હતું કે, લોક ડાઉન સમય દરમ્યાન ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન અને સહયોગ થકી એસ.ઓ.એસ. સેવા વધુ સક્રિય કરી દેવામાં આવી હતી. લોક ડાઉન દરમ્યાન અમને એસ.ઓ.એસ. ની સેવા થકી ૧૫ થી ૨૦ જેટલા સિનીયર સિટીઝન્સના કોલ રિસીવ કરવામાં આવ્યા હતા. સમગ્ર લોક ડાઉન દરમ્યાન એસ.ઓ.એસ. દ્વારા અંદાજીત એક હજાર કરતાં વધુ જિલ્લાના સિનીયર સિટીઝન્સને મેડિકલ, પોલીસ અને એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવી છે. આ દરમ્યાન અમને અમુક સિનીયર સિટીઝન્સને ભોજનની તકલીફ પડતી હોવાનું માલૂમ પડયું હતું. જેથી અમારા દ્વારા દવાઓ સાથે આવા જરૂરિયાત મંદ સિનીયર સિટીઝન્સ નાગરિકોને એટલે કે દિવસના ૨૦ થી ૨૫ નાગરિકોને ભોજન સેવા પણ આપવામાં આવી હતી. તે ઉપરાંત લોક ડાઉનના સમય દરમ્યાન આવા સિનીયર સિટીઝન્સના આરોગ્યની ચકાસણી પણ એસ.ઓ.એસ.ની ટીમ દ્વારા કરવામાં આવી છે.



### સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે જુમ્માની નમાજ અદા કરાઈ

કોરોના મહામારીના પગલે લાગુ પડેલા લોકડાઉન બાદ લાંબા સમય પછી તાજેતરમાં ધાર્મિક સ્થળોને ગાઈડલાઈનના ચુસ્ત પાલનની શરતે શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ગાંધીનગરમાં સેક્ટર-૨૧ની જુમ્મા મસ્જિદ અને સેક્ટર-૨૯ની મદીના મસ્જિદમાં શુક્રવારની જુમ્માની નમાજ આશરે અઢી મહિના પછી પઢવામાં આવી હતી જેમાં હેન્ડ સેનેટાઈઝર, માસ્ક વગેરે સાથે સોશિયલ ડિસ્ટન્સનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું તેવુ બયતુલમાલના પ્રમુખ યુનુસ યુસુફભાઈ પરમારે જણાવ્યુ હતુ. આ સાથે તેમણે જણાવ્યું હતું કે પેથાપુર ખાતેની મસ્જિદે શકીના અને જુમ્મા મસ્જિદમાં પણ આજ પ્રમાણે ગાઈડલાઈનનું પાલન કરતા નમાજ અદા કરવા સાથે કોરોના મહામારી જલ્દી દૂર થાય તેવી દુઆ માંગવામાં આવી હતી.

# શહેરમાં સ્વચ્છતા અંગે તંત્ર સતર્ક રહી કામગીરી કરે : ડે. મેયર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં પ્રથમ વરસાદથી જ વિવિધ વિસ્તારોમાં



પડેલા ભુવા તેમજ પાણી ભરાઈ જવાની ફરિયાદો અને ગંદકીના સર્જાયેલા દૃશ્યો સંદર્ભે આજે ડે. મેયર નાઝાભાઈ ઘાંઘરે અધિકારીઓ સાથે બેઠક કરી શહેરને સ્વચ્છ બનાવવાની વાતને દોહરાવી સઘન કામગીરી સત્વરે હાથ ધરવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં મનપાના વિવિધ કાઉન્સીલરો દ્વારા મળેલા સૂચનોને પણ ગંભીરતાથી લેવામાં આવ્યા હતા. ચોમાસાની સીઝનમાં પાણીજન્ય રોગચાળો કે વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે રીતે આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર પણ તેમણે ભાર મુક્યો હતો.

નાઝાભાઈ ઘાંઘરે ચોમાસા પૂર્વે જૂના અને પડી જાય તેવા વૃક્ષોનું ટ્રીમીંગ કાર્ય કોરોનાની મહામારીના આ સમયમાં હાથ નહિ ધરાયુ હોવાનો ઉલ્લેખ કરી હવે આ કામગીરી ઝડપથી થાય તે જોવા પણ જણાવ્યુ હતુ.

તેમણે વિવિધ સેકટરોમાં તેમજ ખાબોચિયાઓમાં એન્ટી લારવેલની કામગીરી પણ હાથ ધરવામાં આવે તેવી સૂચના આપી હતી. તેમણે સેનેટરી ઈન્સ્પેક્ટરોને વરસાદની ઋતુમાં છત્રી તેમજ જરૂરી કીટ આપી સન્માનિત પણ કર્યા હતા.

આ બેઠકમાં ડે. મ્યુનિ. કમિશનર દવે, સીટી ઈજનેર ભરતભાઈ પંડ્યા, સેનીટેશન સુપ્રિ. સંદીપસિંહ ગોહિલ, ઝોનલ ઓફિસર શૈલેષકુમાર, અમિતભાઈ તેમજ વિવિધ વોર્ડના સેનેટરી ઈન્સ્પેક્ટરો હાજર રહ્યા હતા.

## ગાંધીનગર જિલ્લાના અનુસૂચિત જાતિના બાગાયત ખેડૂતો જોગ

જિલ્લાના અનુસુચિત જાતિના બાગાયત ખેડૂતો માટે રાજય સરકાર દ્વારા વિનામૂલ્યે હાઈબ્રીડ શાકભાજીના બિયારણ માટેની ઈનપુટ કિટૂસની યોજના અમલી બનાવેલી છે. યોજનાનો લાભ લેવા ઈચ્છતા અનુસુચિત જાતિના ખેડૂત લાભાર્થીઓએ દિન- ૭માં પોતાના ૭/૧૨, ૮-અ તથા જાતિ અંગેના દાખલા જેવા સાધાનિક દસ્તાવેજો સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સહયોગ સંકુલ, સે-૧૧, ગાંધીનગર નો સંપર્ક કરવાનો રહેશે.

# લ્યો, હવે નાળાના ગંદા પાણીમાં પણ કોરોના વાઈરસ મળ્યો

## આઈઆઈટી ગાંધીનગરના ચોંકાવનારૂ સંશોધનમાં કરાયો ખુલાસો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીએ પોતાના સંશોધનમાં એક ચોંકાવનારૂ તારણ રજૂ કરતા કહ્યું છે કે દેશના નાળા, ગંદા પાણીના વોંકળા વગેરેમાંથી કોરોના વાયરસ મળી રહ્યાં છે. આઈઆઈટીના સંશોધકોનો દાવો છે કે નાળામાંથી લેવાયેલા પાણીના સેમ્પલમાં કોરોના વાયરસના જનીન મળ્યાં છે અને ભારતમાં આ પ્રકારનું પહેલુ સંશોધન કાર્ય થયું છે. અગાઉ ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ્સ, ફ્રાન્સ અને અમેરિકા જેવા દેશોમાં ગંદા પાણીમાં કોરોના વાયરસના કણોની હાજરી જોવા મળી હતી. આ સંશોધન પ્રો. મનીષકુમારની આગેવાનીમાં કરાયુ હતુ.

આ સાથે આઈઆઈટીના સંશોધનમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ગંદા પાણીમાં મળી આવેલા કોરોના વાયરસથી ચેપનો ખતરો નથી પરંતુ કોવિડ-૧૯ના સંક્રમણને અટકાવવા નાળા-વોંકળા વગેરેના પાણીનું ટેસ્ટિંગ કરવુ જરૂરી છે. ખાસ કરીને દેશમાં જ્યાં જ્યાં કોરોના વાઈરસના હોટસ્પોટ છે ત્યાં ત્યાં વહેતા નાણાના પાણીનુ ટેસ્ટિંગ કરવુ ખાસ જરૂરી છે. આઈઆઈટીના પ્રો. મનીષકુમારના માધ્યમોને જણાવ્યા મુજબ એક હજારથી દસ હજાર સુધીના નાગરિકોનુ મળ એકઠુ થતુ હોવાથી તેનુ ટેસ્ટિંગ કરવાથી ઘણી માહિતી મળી શકે છે અને જ્યારે તમામ નાગરિકોનું ટેસ્ટિંગ શક્ય ના હોય ત્યારે આ ટેસ્ટિંગ ઉપયોગી નિવડી શકે છે. અગાઉ પોલિયો માટે જવાબદાર રોટા વાઈરસનું પણ ટેસ્ટિંગ આ રીતે જ કરવામાં આવ્યું હતું.

# ડૉ. અઢિયા સમિતીએ વચગાળાનો અહેવાલ મુખ્યમંત્રીને સુપ્રત કર્યો

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વૈશ્વિક મહામારી



કોવિડ-૧૯ના કારણે ઉદભવેલી પ્રવર્તમાન સ્થિતીમાં રાજયમાં આર્થિક, નાણાંકીય પૂનરુત્થાનના સર્વગ્રાહી ઉપાયો સુચવવા પૂર્વ કેન્દ્રીય નાણાં સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં રચેલી કમિટિનો આખરી-ફાયનલ અહેવાલ આ સમિતિએ મુખ્યમંત્રીશ્રીને ગાંધીનગરમાં સુપ્રત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ તથા મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ અને મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન સહિતના વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતીમાં ડૉ. અઢિયાએ મુખ્યમંત્રીશ્રીને ફાયનલ રિપોર્ટ અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અઢિયા કમિટીએ પોતાના આ ફાયનલ અહેવાલમાં જે સૂચનો અને ભલામણો કર્યા છે તેનો અભ્યાસ કરીને રાજય સરકાર તે દિશામાં યોગ્ય કાર્ય કરશે તેમ જણાવ્યું હતું.

આ સમિતિના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ ફાયનલ અહેવાલ પ્રસ્તુત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત માટેના જે પાંચ સ્થંભ આપેલા છે તેના આધારે રાજ્યની આર્થિક –નાણાંકીય પૂનરૂત્થાનની ગિતવિધિઓને વધુ સુદ્રઢ કરવા આ અહેવાલમાં વિશેષ ઝોક આપવામાં આવ્યો છે.

પૂર્વ કેન્દ્રીય નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયાના અધ્યક્ષપણા પદે રચાયેલી આ કમિટીએ પોતાનો વચગાળાનો-ઈન્ટરીમ રિપોર્ટ તા. ૨૮ મે ના રોજ રાજ્ય સરકારને આપેલો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ વચગાળાના અહેવાલના આધારે રૂ. ૧૪૦૨૨ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ જાહેર કરેલું છે.

ડૉ. અઢિયા સમિતિએ આજે આપેલા પોતાના આખરી અહેવાલમાં મુખ્યત્વે જે બાબતો આવરી છે તેમાં આંતરમાળખાકીય સવલતો સંસાધનો ઉત્પન્ન કરવાના પ્રયાસો, રાજ્યમાં મૂડીરોકાણ વધારવાના પ્રયાસો, રાજ્યનું નાણાકીય વ્યવસ્થાપન અને ભારત સરકારની નીતિઓનો લાભ લેવાના મહત્તમ પ્રયાસો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૨ સને ૨૦૨૦-૨૧ (બીજો પ્રયત્ન)**

(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮/મો.નં. ૯૭૨૪૪૬૯૧૬) દ્વારા જોબ સર્વિસીસને લગતું ૧ (એક) કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧,૪૮,૫૭૨.૦૦ છે. જેના માટે આવા કામના અનુભવી ઈજારદારો પાસેથી ઈ-ટેન્ડરીંગ મારફતે ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com પરથી તા. ૨૨/૬/૨૦૨૦ ૧૬:૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ અને ભાવો ભરી શકાશે તેમજ કામોની વધારાની માહિતી અને ઓનલાઈન ઈ-ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવી.

માહિતી/૨૪૨/૨૦-૨૧

ઘરમાં રહો, સુરક્ષિત રહો
આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત



રાજ્યોના સીમાડા હવે કોઈને પણ અન્નથી વંચિત નહીં રાખી શકે

વન નેશન, વન રેશનકાર્ડ યોજના



દેશના અન્ય રાજ્યોના પરપ્રાંતિય N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન મેળવી શકશે

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ જાહેર વિતરણ વ્યવસ્થાનું રાષ્ટ્રવ્યાપી સંકલન

કેન્દ્ર સરકારે "વન નેશન, વન રેશનકાર્ડ" યોજના હેઠળ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, બિહાર સહિતના ૧૯ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની જાહેર વિતરણ વ્યવસ્થાનું સંકલન કર્યું છે. જે અંતર્ગત જે લોકો રોજગારની તલાશમાં ગુજરાતમાં આવ્યા છે તેવા N.F.S.A. રેશનકાર્ડ ધરાવતા પરપ્રાંતિય નાગરિકો રાજ્યની ૧૭ હજારથી વધુ સસ્તા અનાજની દુકાનો પૈકી ગમે તે દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

ગુજરાતના N.F.S.A. રેશનકાર્ડ ધારકોએ કોઈપણ જીલ્લામાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, તો પણ રાજ્યની ૧૭,૦૦૦થી વધુ દુકાનો પૈકી ગમે તે દુકાનેથી તેને મળવાપાત્ર અન્ન પુરવઠો મેળવી શકશે

દેશનો કોઈપણ N.F.S.A. રેશનકાર્ડ ધારક પોતાના અંગૂઠા/આંગળીની છાપ દ્વારા ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઈપણ સસ્તા અનાજની દુકાનેથી જૂન-૨૦૨૦માં વિનામૂલ્યે અન્ન પુરવઠો મેળવી શકશે

એક ભારત, શ્રેષ્ઠ ભારત
નહીં પ્રદેશવાદ, નહીં ભાષાવાદ, હવે માત્ર રાષ્ટ્રવાદ

"વન નેશન વન રેશનકાર્ડ" યોજનાથી જાહેર વિતરણ વ્યવસ્થા સુદૃઢ બનશે, રેશનકાર્ડ ધારકોને અન્ન પુરવઠો મેળવવો સરળ બનશે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત